દર મહિનાની ૧૫મી તારીખે પ્રસિદ્ધ થતું માસિક
શ્રી ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજ, ગાંધીનગર દ્વારા પ્રકાશિત

# ભટ્ટમેવાડા વર્તમાન

વેબસાઈટ : www.Bhattmewada.org

તંત્રી : પ્રા. વિક્રમ ક્રિષ્નાલાલ જોષી

RNI NO. GUJGUJ/2008/28227
Post;L-2/RNP/G-GNR-266/14-17
Sector-07 Post, Gandhinagar
Valid Up to : 31 Dec. 2020
Rs. 5-00, Annual : Rs. 50-00

● વર્ષ : ૧૧ ● અંક : ૪ ● તા. ૧૫-૦૧-૨૦૧૮ ● પાના : ૮ ● છૂટક કિંમત - રૂા. ૫/- ● વાર્ષિક લવાજમ - રૂા. ૫૦/-

**લવાજમ, માહિતી / લેખો મોકલવા / અંક ન મળવા વગેરે માટે સંપર્ક કરો.**

**શ્રી રમેશભાઇ જોશી**
પ્લોટ નં. ૧૩૧૬/એ-૨, સેક્ટર ૭-ડી
ગાંધીનગર-૭, ફોન - ૨૩૨૩૦૬૩૨
મો. ૯૯૭૮૪૦૭૯૨૯

**શ્રી પ્રકાશભાઇ ભટ્ટ**
એફ-૨, પ્રયાગ એપાર્ટમેન્ટ, પ્લોટ નં. ૩૮૩,
સેક્ટર-૨૨, ગાંધીનગર - ૨૩૨૩૦૮૨૨
મો. ૯૮૯૮૬૭૭૬૩૭

## ભટ્ટમેવાડા વર્તમાનનું લવાજમ જાન્યુઆરી-૨૦૧૮ થી ભરવાનું થાય છે.

## સૌ જ્ઞાતિજનો વર્તમાનનું લવાજમ ભરી સમાજ દ્વારા થતી પ્રવૃત્તિને વેગ આપે

આપ સૌ જાણો છો તેમ ગાંધીનગર સમાજ દ્વારા પ્રકાશિત સમાજનું મુખપત્ર ભટ્ટમેવાડા વર્તમાન છેલ્લા ૧૦ વર્ષથી નિયમિત પ્રસિદ્ધ થાય છે. સમાજના આ માસિકથી સમાજમાં ભાઈચારાની ભાવના પેદા થઈ છે અને સમાજના સંપર્કો વધ્યા છે. જ્ઞાતિજનો એકબીજાની વધુ નજીક આવ્યા છે. સમાજની સારી, નરસી અને સમાજ ઉપયોગી વિગતો તેમાં પ્રસિદ્ધ થાય છે જે સમાજના ઉત્કર્ષ માટે જરૂરી પણ છે.

ભટ્ટમેવાડા સ્થાપનાકાળથી તેનું લવાજમ રૂા. ૫૦/- છે. આ વર્ષથી લવાજમ રૂા. ૮૦ કરવાની વિચારણા પણ કરી હતી પરંતુ લવાજમમાં વધારો ન કરવાનું હાલમાં નક્કી કર્યું છે. ૧૦ વર્ષમાં લગભગ બધી જ વસ્તુઓના ભાવ ડબલ થઈ ગયા છે. કાગળના ભાવમાં, પ્રિન્ટીંગના ભાવમા, કંપોઝીંગના ભાવમાં પણ વધારો થયેલ છે તેમ છતાં સૌ જ્ઞાતિજનો સુધી પહોંચી શકાય તે માટે વર્તમાનના લવાજમમાં ફેરફાર કરેલ નથી. વર્તમાન ન મળવાની ફરિયાદો પણ મળે છે. જેમના તરફથી આવી ફરિયાદ થાય તુરત જ રૂા. ૧ની ટપાલ ટીકીટથી તે ફરીથી રવાના કરવામાં આવે છે. આગળના અંકમાં જણાવ્યું હતું તેમ ફરીથી એ વાત દોહરાવવાની કે પોસ્ટ ખાતાની પ્રયોરીટીમાં આ છેલ્લું કામ છે. પોષ્ટમેનની ખાલી જગ્યાઓ, વધતો જતો વિસ્તાર વગેરેને લઈને કેટલીક જગ્યાએ આર.પી.એ.ડી. સિવાયની ટપાલનું વિતરણ ન થતું હોવાનું ખાતા મારફતે જણાવાય છે. હિંમતનગર, મોડાસા વગેરે જગ્યાએ કરેલ વ્યવસ્થા મુજબ જો સમાજમાંથી કોઈ તૈયાર થાય તો જે તે ગામના અંકો એક જ જગ્યાએ મોકલવાની વ્યવસ્થા વિચારી શકાય. તેમ કરવામાં આવે તો સ્થાનિક જ્ઞાતિજનો સાથેના સંપર્કો પણ વધશે અને તે રીતે સમાજનું સંગઠન પણ મજબૂત થશે. આ રીતે કામગીરી ગોઠવવા માંગતા ગામોના જ્ઞાતિજનોએ શ્રી રમેશભાઈ જોશીનો સંપર્ક કરવા વિનંતી છે.

ભટ્ટ મેવાડા વર્તમાનના ૨૦૦ કરતાં વધુ આજીવન ગ્રાહકો છે અને બીજા ૨૫૦ જેટલા ગ્રાહકો વાર્ષિક લવાજમ ભરે છે. આમ ૫૦૦ની આસપાસના જ્ઞાતિજનો લવાજમ ભરે છે તેની સામે ૧૩૦૦ જેટલા અંક જ્ઞાતિજનોને મોકલવામાં આવે છે. લવાજમ ન ભરતા હોય તેવા ગ્રાહકોને પણ વર્તમાન મોકલવાનું કામ સમાજની પ્રવૃત્તિઓથી વાકેફ થઈ અને સમાજ ઉત્કર્ષના કામમાં સૌ જ્ઞાતિજનોની સામેલગીરી થાય તેવો રહ્યો છે. દાતાઓ, વિજ્ઞાપનકારો અને ગાંધીનગર સમાજના આગેવાનોના અંગત સંબંધોથી જાહેરાતો મેળવીને આ

## તંત્રી લેખ...

જય એકલિંગજી....

ઈ.સ.નું ૨૦૧૮નું વર્ષ થનગનાટ સાથે બેસી ગયું. ગત વર્ષે ભલે પીડા અનુભવી હોયપણ ઉજ્જવળ ભાવિની અપેક્ષાએ આપણે આગળ વધતાં રહીએ છીએ. ગુજરાત રાજ્ય વિધાનસભાની ચૂંટણી ગાજવીજ સાથે હમણાં જ પૂરી થઈ. પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનેલ આ ચૂંટણીમાં સત્તાધારી પક્ષને જ પુનઃ સત્તારૂઢ થવાની તક મળી છે. પાતળી બહુમતી સાથે આવેલ સત્તાધારીઓ માટે લોકસેવાના પ્રશ્નો મ્હોં ફાડીને ઉભેલા છે. આશા રાખીએ કે, લોક કલ્યાણ અને વિકાસના વધુ કામો અને ઉજ્જવળ પરિણામો આવે. પ્રધાનમંડળમાં બ્રાહ્મણની એક જ સંખ્યા જણાય છે. રાજકારણ અને સમાજકારણમાં બ્રાહ્મણોના આધિપત્ય નહીવત્ થતાં જણાય છે. સત્તા જરૂરી છે. આપણે એ દિશામાં વધુ આગળનું વિચારવું પડશે. સંગઠન અતિ મજબૂત કરીને, પરસ્પરને સહાયરૂપ બની લાભ લેવો જ પડશે.

દિવાળી પછી છેક અત્યાર સુધીમાં લગભગ દરેક જગાએથી જ્ઞાતિ સંમેલન, દિવાળી સંમેલન, સ્નેહ મિલનના ખબરો મળતા રહે છે. આખરે સમાજ સમૃદ્ધ બને, પરસ્પરનો પરિચય આત્મીયતા વધે એના માટે અત્યંત આવશ્યક છે. પરંતુ, ક્યાંક વાડાબંધી, જૂથબંધી સ્પષ્ટપણે ઉડીને આંખે વળગે તે અયોગ્ય છે. આ સંકુચિત માનસના લક્ષણો છે. વડીલો પોતાના અનુભવો 'શેર' કરે. યુવા જગતને માર્ગદર્શન આપે, 'પુશ' કરવામાં સહાય કરે. ક્યારેક તો પીઠાધીશોને વળગણ છૂટતાં જ નથી. જે છેવટે સમાજને સ્થિર કરી દે છે, તોડે પણ વળ છૂટતાં નથી. આશા રાખીએ કે, આ મનોદશામાંથી આપણે બહાર આવીએ. સેવા સંગઠન તત્પરને આગળ વધવા મદદ કરીએ. માર્ગ આપીએ. હવે નિયમિતપણે આપણે મળતાં રહીશું. સૌ ને નૂતન અંગ્રેજીવર્ષની શુભકામનાઓ...

જય એકલિંગજી...

ખર્ચને સરભર કરવાના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. સમાજના ઉદ્યોગકારો કે ધંધાર્થીઓને પણ તેમની જાહેરાત વર્તમાનમાં આપવા માટે વિનંતી છે અને જે જ્ઞાતિજનોનએ લવાજમ ભરેલ નથી તેઓને લવાજમ ભરવા માટે ખાસ વિનંતી છે.

ભટ્ટ મેવાડા વર્તમાનનું લવાજમ ભરવા માટે નીચેના જ્ઞાતિજનોનો સંપર્ક કરવા વિનંતી છે.

**અમદાવાદ**

૧. શ્રી મયુરધ્વજ ભટ્ટ ઘાડલોડિયા - ૯૬૮૭૬૮૫૧૭૫
૨. શ્રી વિષ્ણુભાઈ જોશી ઈસનપુર-૯૭૨૬૬૩૪૪૩૫
૩. શ્રી અતુલભાઈ જોશી-વાસણા ૯૮૭૯૫૧૩૧૬૪
૪. શ્રીમતી અમીતાબેન પાઠક-પાલડી-૨૬૬૪૧૬૩૭
૫. શ્રી કિર્તીભાઈ ભટ્ટ, મણીનગર-૯૪૨૯૧૯૯૯૫૫

**હિંમતનગર**

૧. શ્રી વિનાયકભાઈ પંડ્યા - ૯૮૯૮૬૭૬૬૨૫
૨૪૫૩૦૫

**મોડાસા**

૧. શ્રી હર્ષદભાઈ જોશી-૯૪૨૭૬૮૬૬૪૪

**વડોદરા**

૧. શ્રી અમીધારભાઈ ભટ્ટ હરણીરોડ ૯૮૨૫૩૧૫૮૦૦
૨. શ્રી મુકુંદભાઈ જોશી માંજલપુર ૯૮૨૫૮૦૧૦૧૦

**નડિયાદ**

૧. શ્રી મહેશભાઈ જોશી - ૯૪૨૬૫૦૯૧૦૨
૨. શ્રી પ્રદ્યુમ્નભાઈ જોશી - ૯૪૨૬૩૪૬૯૯૫
૩. શ્રી મુકેશભાઈ પંડ્યા - ૯૮૨૫૦૭૭૫૭૮

**વ્યાસવાસણા**

૧. શ્રી મહેન્દ્રભાઈ જોશી- ૯૮૭૮૧૦૭૦૮૭

**ફુકરવાડા**

૧. રીટાબેન કાન્તીલાલ જોષી - ૨૫૨૮૫૨

**મહેસાણા**

૧. શ્રી ભરતભાઈ જોશી - ૯૯૨૫૦૪૭૫૩૦

**સુરત**

૧. શ્રી કિરણભાઈ જોશી - ૯૯૦૯૦૯૦૩૬૯
૨. શ્રી જીતેન્દ્રભાઈ જોશી - ૯૪૨૬૧૦૧૨૨૩

**પાલનપુર**

૧. શ્રી જયંતીભાઈ જોશી - ૯૮૯૮૫૩૫૬૨૪

ક્રમશઃ



સંપત્તિ કરતાં સંસ્કાર ચઢિયાતા છે કારણ કે સંપત્તિ હોય તો વીલ બને છે અને સંસ્કાર હોય તો ગુડવીલ બને છે.

# સામાજીક એકતા માટે આત્મમંથન...

પ્રિય વાચક બંધુ / ભગિની,

ભટ્ટ મેવાડા વર્તમાન આપ સૌના સાથ અને સહકારથી અગિયારમાં વર્ષમાં પ્રવેશી ચૂક્યું છે. તંત્રીશ્રી અશોકભાઇ મહેતાની સૂઝ અને મહેનતથી શરૂઆત થઇ. એમના કાર્યકાળ દરમ્યાન અંગત રૂચિ અને રસને લઇને આ માસિક પગભર થયું. વાચકબંધુઓનો સાથ પણ અલ્પ - આર્થિક મદદ નહીંવત આજીવન લવાજમ ભરનારા તેમજ વાર્ષિક લવાજમી સભ્યો ઘણા ઓછો છે. જાહેર ખબરવાળા ભાઇઓની આર્થિક મદદ તો છે જ. 'વર્તમાન' આજેય અજેય રહ્યું છે તે માત્ર માન. શ્રી રમેશભાઇ જોષી અને શ્રી પ્રકાશભાઇ એમ. ભટ્ટની અથાગ મહેનત અને નિષ્ઠાના કારણે જ (આર્થિક સહકાર પણ ખરો.) ગાંધીનગરના સમાજના બીજા સભ્યોનો સાથ પણ ખરો. બાકી બ્રાહ્મણોના સમાજમાં સફળ થવું અઘરું છે.

'ભટ્ટ મેવાડા વર્તમાન' માસિક વર્તમાનમાં આપણે ક્યાં છીએ એનું પ્રતિબિંબ છે. વિચારોની અભિવ્યક્તિઓ. વિચારધારાના પ્રવાહો આપણે વર્ણવી શક્યા નથી. જે વિચારી શકે છે તે માણસ છે. વિચારશૂન્ય છે તે પશુતુલ્ય છે. ઉત્તમ વિચારો જ માણસને ઉત્તમ બનાવે છે. આપણા ઋષિ એ 'મને ચારે બાજુએથી શુભ વિચારો પ્રાપ્ત થાઓ' એવી પ્રાર્થના કરેલી જ છે. સારા વિચારોની ઉત્તમ વિચારોની અભિવ્યક્તિઓ થવી જોઇએ. વિચારોનો પ્રવાહ વહેતો રહેવો જોઇએ. બંધિયાર માનસ વૈમનસ્ય પેદા કરે છે. ટોળાંબંધી-જૂથબંધી સામાન્ય થઇ જાય છે. મિથ્યાભીમાન અને આડંબરો સાથે જીવતા આપણે ભૂતકાળમાંથી વર્તમાન પ્રવાહમાં આવી જ નથી શક્યા. આ દૂર્ભાગ્યપૂર્ણ બાબત છે.

ઉચ્ચ વર્ણ ધરાવતા આપણા લોકોએ ઉચ્ચતા મેળવવા પ્રયત્નો કરવા પડશે. સમાજોત્થાન જો કરવું હશે તો આપણે શુભ-ઉચ્ચ વિચારોને પ્રાપ્ત કરવા પડશે. આત્મમંથન કરીને 'બ્રહ્મત્વને' પામવા અથાગ મહેનત આવશ્યક છે.

સમાજમાં રહેલા વિદ્વાન વ્યક્તિઓ - વિચારકો સુધારકોએ આ વિચાર યજ્ઞમાં આહુતિઓ આપવી જ રહી. આ આહુતિઓ થકી જ એક યજ્ઞપુરુષનું આહ્વાન કરીએ જે આપણને સમાજમાં ઉચ્ચ સ્થાન મેળવવા દોરવણી આપે. સંકુચિત માનસ-રૂઢિઓ અને રીવાજોના બંધનને તોડવામાં મદદ કરે. બંધુત્વની ભાવના મજબૂત બનાવે - વૈમન્સય મિટાવે આવો આપણે સૌ ભેગા થઇને એક સાથે રહીને સહિયારો પ્રયત્ન કરીએ. ઉમદા આચાર-વિચાર અને અનુશાસિત સમાજ રચના માટે કટિબદ્ધ થઇએ.

બિપીન સી. જોષી-ગાંધીનગર

## ● કોલેસ્ટરોલ ●

૧. એક ચમચી ભરી સમારેલી અથવા વાટેલી કોથમીર ખાઇને ઉપર પાણી પીવાથી શરીરમાં કોલેસ્ટરોલ ઘટે છે. એનાથી લોહનું વહન કરનારી નસો પણ સાફ કરે છે. કોથમીર દરેક સલાડ, શાક, દાળ કે ફરસાણ સાથે ભેળવીને પણ ખાઇ શકાય.

૨. કોલેસ્ટરોલનું પ્રમાણ ઓછું કરવા માટે તેલ, ઘી અને માખણ બંધ કરવા તથા રોટલી ન ખાતાં રોટલા ખાવા શાક પણ બાફેલાં ખાવા.

૩. લોહીમાં કોલેસ્ટરોલનું પ્રમાણ કાબુમાં રાખવા ખાટા પદાર્થો જેવા લીંબુ, આંમળા, કાચી કેરી, દહીં, છાસ, ફાલસા, આમલી, ખાટી દ્રાક્ષ વગેરેનું સેવન લાભદાયી છે.

૪. દરરોજ સવાર-સાંજ એક મૂઠી શેકેલા છોતરાં સાથેના ચણા ખાવાથી કોલેસ્ટરોલનું પ્રમાણ ઘટે છે અને હૃદયરોગની શક્યતા ઓછી થાય છે.

## માનું વહાલ

ઇચ્છે કાયમ સારા હાલ, વિસરી ન જઇએ માનું વહાલ
કરે ન પરવા દિવસ - રાત, જગથી જુદી માની જાત
દુ:ખમાં પણ ન રોઇ શકે, હસતું શિશુ દેખી ન્યાલ
ઇચ્છે કાયમ...

વળે ન વાંકો એકે બાલ, આફત ટાણે બનતી ઢાલ
મા તો ગંગા - જમના ઘાટ, અધીરી આંખે જુએ વાટ,
માગે નહીં મિલકત માલ
ઇચ્છે કાયમ...

સૌજન્ય : ગુજરાત સમાચાર



કોઇ મારૂ ખરાબ કરે એ એનું કર્મ હું કોઇનું ખરાબ ના કરું એ મારો ધર્મ

## कुर्यात सदा मंगलम्

૧. ગાંધીનગર સમાજના અગ્રણી શ્રીમતિ દ્વારાકીબેન અને શ્રી અમૃતલાલ ત્રિકમલાલ ઉપાધ્યાયના સુપુત્ર ચિ. તીર્થેશના શુભ લગ્ન કુકરવાડા હાલ મુંબઇ નિવાસી સ્વ. ફાલ્ગુનીબેન તથા શ્રી ભાર્ગવભાઇ હસમુખલાલ જોશીની સુપુત્રી ચિ. વૈશ્નવી સાથે તા. ૧૨-૧૨-૨૦૧૭ રોજ સંપન્ન થયેલ છે.

૨. કુકરવાડાના વતની અને હાલ મુંબઇ નિવાસી સ્વ. ફાલ્ગુનીબેન તથા શ્રી ભાર્ગવભાઇ હસમુખલાલ જોશીની સુપુત્રી ચિ. ઉમા ના શુભ લગ્ન શ્રીમતિ મંદાકિનીબેન તથા યોગેશકુમાર રમણલાલ ભટ્ટના સુપુત્ર ચિ. અવધ સાથે તા. ૧૧-૧૨-૨૦૧૭ ના રોજ સંપન્ન થયેલ છે.

૩. કુકરવાડાના વતની અને અમદાવાદ નિવાસી શ્રીમતિ કુંદનબેન તથા શ્રી વામદેવ ભાનુપ્રસાદ જોશીના સુપુત્ર ચિ. પાર્થના શુભ લગ્ન શ્રીમતી ચેતનાબેન તથા શ્રી મનોજકુમાર હરિપ્રસાદ ભટ્ટની સુપુત્રી ચિ. હેમા સાથે તા. ૧૧-૧૨-૨૦૧૭ ના રોજ સંપન્ન થયેલ છે.

તમામ નવદંપત્તિઓ સુખી, લાંબુ અને આરોગ્યમય દામ્પત્યજીવન ગાળે તેવી શુભેચ્છાઓ...

With Best Compliments From
Ritesh Mehta (M.Com.) (M) 98240 49997
Ph. : 241 7379
Chandan Distributors
Surgical Products and Rehabilitation Aid Vissco, Flamingo, Accuchek, Diamond, Omron Hicks
Vadi Wadi, Behind Shiyapura Police Chowkey, Near Tower Raopura, Vadodara - 390 001.
E-mail : chandsurgi@yahoo.com

Ramesh Mehta (M) 98240 14997
Mehta Associats
LAND DEVELOPERS & PROJECT CONSULTANT
B/h. Shiyapura Police Chowkey, Vadi Wadi, Raopura Tower, Vadodara - 390 001.
Tele No. (0265) 2413157 Fax : (0265) 2417379
E-mail : mehtaprocon@yahoo.co.in

## શ્રી એકલીંગજી શરણ નોંધ

૧. દગાવાડીયા નિવાસી અમૃતલાલ ભીગીલાલ જોશી તા. ૧૨-૧૨-૨૦૧૭ના રોજ શ્રી એકલીંગજી શરણ થયેલ છે.

૨. મુંબઇ (વિરાર) નિવાસી શ્રી તનીષા તુષાર શાંતિલાલ જોશી, તા. ૧૨-૧૨-૨૦૧૭ના રોજ શ્રી એકલીંગજી શરણ થયેલ છે.

૩. હૈદરાબાદ નિવાસી શ્રી ભોલાનાથ ચુનીલાલ ઉપાધ્યાય શ્રી એકલીંગજી શરણ થયેલ છે.

૪. હિરપૂરા નિવાસી લીલાબેન અમૃતલાલ ઉપાધ્યાય શ્રી એકલીંગશરણ થયેલ છે.

૫. બુધેલી નિવાસી શ્રી કમળાગૌરી મોતીલાલ ભટ્ટ શ્રી એકલીંગ શરણ થયેલ છે.

૬. કાનપૂર નિવાસી અરવિંદભાઇ જગજીવનદાસ જોશી તા. ૨૪-૧૨-૨૦૧૭ ના રોજ શ્રી એકલીંગજી શરણ થયેલ છે.

૭. વિજાપૂરના વતની અને અમદાવાદ નિવાસી બિપીનચંદ્ર રમણલાલ જોશી તા. ૨૬-૧૨-૨૦૧૭ના રોજ શ્રી એકલીંગજી શરણ થયેલ છે.

૮. શ્રી લાભશંકર પ્રેમાનંદ જોશી પાલ્લા તા. ૨૯-૧૨-૨૦૧૭ ના રોજ શ્રી એકલીંગજી શરણ થયેલ છે.

૯. દાવડના વતની અને હિંમતનગર નિવાસી શ્રી કમળાબેન ડાહ્યાલાલ પંડ્યા તા. ૦૧-૦૧-૨૦૧૮ના રોજ શ્રી એકલીંગજી શરણ થયેલ છે.

સ્વર્ગસ્થના આત્માઓને શ્રી એકલીંગજી દાદા શાંતિ અર્પે અને તેમના કુટુંબને આવી પડેલ આપત્તિ સહન કરવાની શક્તિ આપે.

## ભટ્ટ મેવાડા વર્તમાનને ભેટ

રૂા. ૧૦૦૦/- ચિ. તિર્થેશના ચિ. વૈષ્ણવી સાથેના લગ્ન નિમિત્તે શ્રી અમૃતલાલ ઉપાધ્યાય, ગાંધીનગર તરફથી

રૂા. ૫૦૧/- પુ.શ્રી ગિરજાશંકર જોશી દાદાના આશીર્વાદથી રાયગઢ નિવાસી શાસ્ત્રી શ્રી મેહુલકુમાર વિષ્ણુપ્રસાદ જોશી (અખિલ હિંમદ ભટ્ટ મેવાડા ફેડરેશનના કાર્યકર્તા)નાં સુપુત્ર ચિ. મહંશના જન્મ નિમિત્તે

**સુધારો :** ડિસેમ્બર ૨૦૧૭ના અંકમાં અવસાન નોંધમાં સુરત નિવાસી મહાશ્વેતાબેન નટવરલાલ જોશીના બદલે પ્રણવભાઇના માતુશ્રી મહાશ્વેતાબેન રમણલાલ જોશી વાંચવું. ભુલ બદલ ક્ષમા પ્રાર્થી છીએ


મોટા બનવું હોય તો હંમેશમાં લીમીટમાં રહેવું કારણ કે મોટી મોટી કંપનીઓના નામની પાછળ પણ લીમીટેડ લખેલું હોય છે.

## સમાજનું ગૌરવ



૧. શ્રી કાત્યાયની ક્રેડીટ કો.ઓ.સોસાયટીના વાઈસ ચેરમેન અને સમાજના અગ્રણી હિંમતનગર કેળવણી મંડળ સંચાલિત લો કૉલેજના કાર્યકારી પ્રિન્સીપલ ડૉ. પંકજભાઇ પંડ્યાએ કાયદા તેમજ શૈક્ષણિક ક્ષેત્રે આગવી પ્રતિભા ઉભી કરેલ છે. તેઓ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટીના બોર્ડ ઓફ સ્ટડીઝમાં ઘણા વર્ષોથી સભ્ય પદ ધરાવે છે અને હાલમાં તેમની ચેરમેન તરીકે પણ વરણી થયેલ છે. હાલમાં યુનિવર્સીટી દ્વારા શ્રી પંકજભાઈની કાયદા ફેકલ્ટીના ડીન તરીકે પસંદગી કરીને તેમની સેવાઓની કદર કરેલ છે શ્રી પંકજભાઇ સમાજમાં પણ સેવાઓ આપી રહ્યા છે. તેઓ ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી ઈષ્ટદેવ શ્રી એકલીંગજી દાદાને પ્રાર્થના.



૨. ડૉ. જીજ્ઞેશભાઇ અરવિંદભાઇ ભટ્ટ (ગાંધીનગર) રાયગઢના વતની છે અને તેઓ છેલ્લા ૨૦ વર્ષથી શિક્ષણ જગતમાં સેવાઓ બજાવી રહ્યા છે. તાજેતરમાં જ તેઓએ શિક્ષણ વિષય ઉપર મહાનિબંધ રચ્યો છે અને પી.એચ.ડી.ની ડીગ્રી હાંસલ કરી છે. રાજસ્થાનની પ્રસિદ્ધ પેસિફીક યુનિવર્સીટી ઉદયપુર દ્વારા તેઓને ડૉક્ટરેટની પદવી એનાયત કરવામાં આવી છે. જિજ્ઞેશભાઇ વ્યવસાય ઉપરાંત આપણા સમગ્ર સમાજને પણ વર્ષોથી મદદરૂપ થતાં આવ્યા છે અને આપણી શ્રી કાત્યાયની ક્રેડીટ કો.ઓ.સો.ના સહખજાનચી તેમજ ભટ્ટ મેવાડા સમાજ કલ્યાણ ટ્રસ્ટના ખજાનચી પદે સેવાઓ આપી રહ્યા છે. તેઓ ગાંધીનગર અને હિંમતનગર સમાજમાં પણ સક્રિય છે. મા કાત્યાયની તથા શ્રી ઈષ્ટદેવ એકલીંગજી દાદા તેઓને ઉત્તરોત્તર પ્રગતિ કરાવે અને તેઓ સમાજની નિષ્ઠાથી સેવા કરતા રહે તેવી શુભેચ્છાઓ...

૩. રાયગઢના વતની અને હિંમતનગર નિવાસી શ્રીયોગેશભાઇ હરિશચંદ્ર ભટ્ટની સુપુત્રી ચિ. ડૉ. પૂર્વિતા ભટ્ટે ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવાયેલ ફાઈનલ ઈયર બીડીએસ (ડેન્ટલ) માં થ્રુઆઉટ ફર્સ્ટ ક્લાસ મેળવી ઉત્તીર્ણ થયેલ છે. ચિ. પૂર્વિતાને અભિનંદન અને તેઓ અભ્યાસમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી ઈષ્ટદેવ શ્રી એકલીંગજી દાદાને પ્રાર્થના.

**વાર્ષિક ફક્ત રૂા. ૫૦/-, આજીવન લવાજમ રૂા. ૧૦૦૦/-**

ભટ્ટ મેવાડા વર્તમાન અંગે શ્રી પ્રકાશભાઇ ભટ્ટ,
પ્લોટ નં. ૩૮૩, એફ/૨, પ્રયાગ એપાર્ટમેન્ટ, સેક્ટર-૨૨,
ગાંધીનગર. મો. : ૯૮૯૮૬ ૭૭૬૩૭

## જાણવા જેવું

૧. ઘરમા ઝઘડાની અસર બાળકો ઉપર એટલી થાય છે કે જેટલી યુદ્ધની સૈનિકો પર.

૨. જેટલા ખુશ રહીશું એટલી ઉંઘ ઓછી હશે તો ચાલસે પરંતુ દુઃખી હોઇએ ત્યારે વધારે સુવાનું મન થાય છે.

૩. શરીરના હાડકાં સ્ટીલની ધાતુથી પાંચ ગણા મજબૂત હોય છે.

૪. દુનિયાના સૌથી વધુ ૧૦૦ માણસો એક વર્ષમાં એટલું કમાઈ લે છે કે જેથી દુનિયાની ગરીબી ચાર વખત ખતમ કરી શકાય છે.

૫. ફીંગર પ્રિન્ટથી માફક મનુષ્યની જીભના નિશાન પણ અલગ અલગ હોય છે.

૬. જો આપણે એકથી લાખ સુધી સ્પેલીંગ લખીએ તો ક્યારેક સી અક્ષર આવશે નહી.

## માઇક્રો ફીક્શન વાર્તાઓ - સમજાય તેને સલામ

૧. ન્યોયોર્કના ટાઈમ સ્કવેર પાસે દુનિયાભરના દેશોના ધ્વજમાંથી પરમે ભારતનો ધ્વજ શોધી કાઢ્યો. નાનકડા દિકરાને કહ્યું - જો આ આપણે દેશનો ધ્વજ છે, આમ સલામ આપવાની. ત્યા જ મોબાઇ રણક્યો સામે છેડેથી પરમના પિતા બોલ્યા, દીકરા, ટેન્ડર આપણે મળી ગયું ૪ કરોડ જરા નેતાની સ્વીસ ખાતામાં ટ્રાન્સફર કરી દેજે કાલ સુધીમાં.

૨. નેતાજી અચાક પુલ ઉપરથી પડી ગયા. લોકોમાં હાહાકાર થયો. એક કાકાએ પાણીમાં ઝંપલાવ્યું અને જીવન જોખમે નેતાજીને બચાવ્યા. નેતાજીએ આભાર માન્યો. કાકાએ હસીને પેલા પાટીયા સામે જોયું જેમાં લખ્યું હતું ગંદા કચરાથી ... બચાવો...

લગ્નવિષયક માહિતી અને ડિરેક્ટરી માટે
શ્રી નિતીનભાઈ ભટ્ટ (જાદરવાળા)નો સંપર્ક કરવો.
ફોન નં. ૯૯૯૮૬ ૦૨૯૩૬,
email- bnitin_isro@yahoo.co.in



પૈસાથી સગવડતા મળે, પુણ્યથી સલામતિ મળે.

# શ્રી ભટ્ટ મેવાડા સમાજ, હિંમતનગર
# સ્નેહ સંમેલન - ઇનામ વિતરણ કાર્યક્રમ યોજાયો





શ્રી ભટ્ટ મેવાડા સમાજ, હિંમતનગરનો સ્નેહ સંમેલન તથા ઈનામ વિતરણ કાર્યક્રમ તા. ૨૫-૧૨-૨૦૧૭ ને સોમવારે ડૉ. કમલેશભાઈ એસ. ભટ્ટના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે ડૉ. ભાવિનકુમાર યુ. પંડ્યા તથા શ્રી ગૌતમભાઈ આર. ભટ્ટે સ્થાન શાભાવ્યું હતું. સમાજના પ્રમુખશ્રી વિભાકરભાઈ ભટ્ટે મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. મહામંત્રીશ્રી ગિરીશભાઈ વ્યાસે મહેમાનોનો પરિચય આપ્યો હતો. તથા સમાજ દ્વારા થતી વિવિધ પ્રવૃત્તિઓનો ચિતાર રજુ કર્યો હતો. સમાજના તેજસ્વી તારલાઓનો સન્માનપત્ર તથા ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરનાર સમાજના સભ્યોનું સન્માન કરવામાં આવ્યું હતું તથા ૭૫ વર્ષથી મોટી વયના વડીલોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વેશભુષા, શ્લોકગાન મહેંદી સ્પર્ધા તથા ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપપ્રમુખશ્રી ભાસ્કરભાઈ ભટ્ટે મહેમાનો તથા સમાજના ઉપસ્થિત સભ્યોનો આભાર માન્યો હતો. કારોબારી સભ્યોના સાથ અને સહકારથી કાર્યક્રમ સુંદર રીતે સંપન્ન થયો હતો.

ગાંધીનગર સમાજના અગ્રણી શ્રીમતિ દ્વારાકીબેન અને શ્રી અમૃતલાલ ત્રિકમલાલ ઉપાધ્યાયના સુપુત્ર ચિ. તીર્થેશના શુભ લગ્ન કુકરવાડા હાલ મુંબઇ નિવાસી સ્વ. ફાલ્ગુનીબેન તથા શ્રી ભાર્ગવભાઇ હસમુખલાલ જોશીની સુપુત્રી ચિ. વૈશ્નવી સાથે તા. ૧૨-૧૨-૨૦૧૭ રોજ સંપન્ન થયેલ છે.







કાર્યને વહેંચો - કાર્ય કરાવો - કાર્યનું વિભાજન કરો

# સરલ રોગોપચાર

જુદા જુદા સ્ત્રોતોમાંથી આરોગ્ય જાળવવા, શરીરની સામાન્ય તકલીફમાંથી મુક્તિ મેળવવાઅહીં કેટલાક ઉપાયો બતાવવામાં આવ્યા છે. એમાં જોશો તો એક જ મુશ્કેલી માટે ઘણી વાર એકથી વધુ ઉપાયો બતાવવામાં આવ્યા છે. દરેકને એક જ ઉપાય લાગુ પડી શકે નહિ, કેમ કે દરેક વ્યક્તિની પ્રકૃતિ અલગ અલગ હોય છે, માટે પોતાને અનુકુળ આવે તે ઉપાય કરવો જોઈએ. એનો આધાર વાત, પિત્ત, કફ મુજબ કેવા પ્રકારની પ્રકૃતિ છે એના પર રહેશે. વળી રોગ કોના પ્રકોપ કે ઉણપથી થયો છે વાત, પિત્ત, કફ તેના ઉપર પણકયો ઉપાય અજમાવવો તેનો આધાર રહેશે. કેમ કે એક જ જાતની તકલીફ પાછળ પણ જુદા જુદા કારણો હોઈ શકે. દાખલા તરીકે ઊલટી વાયુના કારણે થાય, પિત્તના કારણે થાય અને કફના કારણે પણ થાય. પોતાના શરીરને શું અનુકૂળ છે અને શું પ્રતિકૂળ છે, તે પણ આપણે કોઈ પણ ઉપાય કરીએ તે પહેલાં જાણવું જોઈએ. વળી દરેક વ્યક્તિ અદ્વિતીય, વિશિષ્ટ છે, કુદરત કદી પુનરાવર્તન કરતી નથી. આથી તદ્દન સમાન પ્રકૃતિ ધરાવનાર બે વ્યક્તિ કદી હોઈ ન શકે. આથી એક ઉપાય કોઈને કારગત નિવડ્યો હોય તે બીજાને ન નિવડે એવું બની શકે.

કોઈ પણ ઉપાય અજમાવીએ પરંતુ જો પાચન શક્તિ નબળી હોય, કે શરીરમાં મૂળભૂત કોઈ ખામી હોય તે દૂર ન કરીએ તો ઉપાય કારગત નીવડશે નહિ. આથી શરીરમાં મુશ્કેલી પેદા થવા પાછળનું કારણ શોધી કાઢવું એ બહુ મહત્ત્વનું છે. શું ખાવાથી કે શું કરવાથી પોતાના શરીરમાં તકલીફ પેદા થાય છે તે જોતા રહેવું જરૂરી છે.

કેટલીક વાર થશે કે આવા સરળ ઉપચારથી તે કાંઇ પરિણામ આવતું હશે! પણ પ્રયોગ કરી જોવામાં કશું નુક્શાન નથી, કેમ કે આ પ્રયોગો ઘણું ખરૂ નિર્દોષ છે.

**● ઔષધો ●**

અક્કલગરો : એની આયાત અલ્જીરિયાથી કરવામાં આવે છે. એના મૂળ બજારમાં મળે છે. તે બેથી ત્રણ ઈંચ લાંબા અને ટચલી આંગળી જેટલા જાડાં હોય છે. આ મૂળ બહારથી ભૂરા રંગના અને તોડવાથી અંદર સફેદ જેવાહોય છે. મૂળને ચાખવાથી જીભ પર ચમચમાટ થાયછે. એ ગરમ અને બળવર્ધક છે તથા વાયુ, કફ, પક્ષાઘાત, મોઢાનો લકવા, કંપવા અને સોજા મટાડે છે. વળી એ શુક્રસ્થંભક અને આર્તવજનક છે. એને ઘસીને લગાવવાથી ઈન્દ્રિય દૃઢ થાય છે. દાંતના પેઢા ફૂલી જવા, જીભ જકડાઈ જવી વગેરેમાં ઉપયોગી છે. (૧) એક ચમચી મધમાં નાના વટાણા જેટલું અક્કલગરાનું ચૂર્ણ મિશ્ર કરી રોજ રાત્રે ચાટી જવાથી શરીરમાં ગરમાવો થઈ જાતીય ઉત્તેજના અનુભવાય છે. (૨) બાળકોને બરાબર બોલતાં ન આવડતું હોય મોડું અને તોતડું બોલતાં હોય તો વાણી સુધારવા અક્કલગરો અને ઘોડાવજનો ઘસારો મધ સાથે ચટાડવાથી લાભ થાય છે.

# પિતાની એક વાત જીંદગી બદલી શકે છે.

ગાંધીજી હાઈસ્કુલમાં હતા ત્યારે તેમના એક મિત્રના કહેવાથી મટન ખાધુ અને સિગારેટ પીધી. થોડા દિવસો સુધી આમ ચાલતું રહ્યું. પરંતુ તેમણે અનુભવ્યું કે તેમનો પરિવાર શુદ્ધ શાકાહારી છે. પિતા પોરબંદર રાજ્યના દિવના અને તેમની પંડિતાઈ અને ઈમાનદારી માટે ખ્યાતનામ હતા. ગાંધીજી ગુનાઈત લાગણી અનુભવવા લાગ્યા. ભૂલ કરી હોવાનું ધ્યાનમાં આવતાં તેમણે કબૂલાત કરતો પત્ર લખ્યો અને પિતાના ઓશિકા નીચે મૂકી દીધો. બીમાર પિતા પથારીમાંથી ઊઠ્યા ત્યારે તેમણે પત્ર વાંચ્યો. તેમની આંખોમાં આંસુ આવી ગયા. તેમણે નિર્ણય કર્યો કે ભૂલથી પણ કોઈ ખોટું કામ કરશે તો આગળ આવીને માફી માગી લેશે.

રાજ કપૂર : ૧૨-૧૩ વર્ષના હતા ત્યારે તેમણે પૃથ્વી થિયેટરમાં કામ કરવાની ઈચ્છા વ્યક્ત કરી. પિતા પૃથ્વીરાજ કબૂરે જવાબ આપ્યો, થિયેટરમાં જઈને નાટક શરૂ થતાં પહેલા અને પુરૂ થયા બાદ સાફ-સફાઈ કર. દરમિયાનમાં રાજે થિયેટરમાં સફાઈ કર્મચારી તરીકે પોતાનું કામ શરૂ કર્યું. થિયેટરમાં પિતા-પુત્ર વચ્ચે કોઈ વાત થતી નહીં. પૃથ્વીરાજ કપૂર પોતાની કારમાં આપેરા હાઉસથી માટુંગામાં ઘરે જતા રહેતા. પરંતુ ક્યારેય રાજકપૂરને સાથે લઈ જતા નહીં. નાટકની બારીકાઈઓને યાદ કરતાં કરતાં આ અંતર હંમેશા રાજ પગપાળા જ કાપતા.

# શ્રી રાયગઢ ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજનું સ્નેહસંમેલન





શ્રી રાયગઢ ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજ દ્વારા રાયગઢ સમાજવાડીના મેદાનમાં સ્નેહ સંમેલન અને વડીલોનો સન્માન સમારંભ ગં.સ્વ. કૈલાશબેન અમૃતલાલ જોષીના અધ્યક્ષ સ્થાને મળ્યું જેમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી દિનેશકુમાર ચીનુપ્રસાદ પંડ્યા અને અતિથિ વિશેષ તરીકે શ્રીમદ્ ભાગવત કથાકાર શ્રી મહેશભાઈ દિક્ષિત તથા પ્રો.ડૉ. ગીરીશભાઈ જોષી હાજર રહેલ હતા. વિશાળ સંખ્યામાં જ્ઞાતિજનો હાજર હતા. જેમાં ૮૦ વર્ષના ઉપરના વરિષ્ઠ વડીલોનું શાલ, ગીતાપોથી, શ્રીયંત્ર અને સન્માનપત્ર આપી ૪૦ વડીલોનો આર્શિવાદ લેવામાં આવ્યા હતા તથા સર્વ જ્ઞાતિજનોનું સ્નેહભર્યુ સ્વાગત મંત્રી શ્રી નિતિનભાઈ પંડ્યાએ કર્યું હતું અને રાયગઢ ભટ્ટ મેવાડા સમાજના પ્રમુખ અતૂલભાઈ દિક્ષિત જણાવ્યું હતું કે રાયગઢ ગામે નવીન સમાજવાડી બનાવવા માટે ટ્રસ્ટની રચના કરવામાં આવનાર છે. આ ટ્રસ્ટ દ્વારા રસોડા, રૂમો, પાણીની સગવડ વિગેરે પ્રથમ સ્ટેજમાં બનાવવામાં આવશે. જે બાબતને હાજર જ્ઞાતિજનોએ હાથ ઉંચો કરીને સમર્થન આપેલ છે.

મહામંત્રી શ્રી નિતિનભાઈ પંડ્યાએ તથા યોગેશભાઈ ઉપાધ્યાયે અને નવીન વાડી બાબતે બધાને સમજ આપી હતી. આ પ્રસંગે સ્નેહ સંમેલનમાં મહાપ્રસાદના દાતા ચીનુપ્રસાદ માધવલાલ પંડ્યા, મંડપના દાતા હિતેશકુમાર જોષી, શાલના દાતા મંજુલાબેન પંડિત, સન્માનપત્ર ગીતા પોથીના દાતા - મુકુન્દરાય દિક્ષિત, ફોટોગ્રાફી - હિતેન્દ્ર પંડ્યા, શ્રી યંત્રના દાતા - સ્વ. યશવંતકુમાર દુર્ગાશંકર જોષી, ફુલહાર-રોનક પંડ્યા, પત્રિકા - વિપૂલ પંડ્યા, સાઉન્ડ સિધ્ધાર્થ દિક્ષિત, વિવિધ દાન દાતા એ આપેલ છે, તથા કાર્યક્રમને સફળ બનાવવા વડીલશ્રી જશુભાઈ ભટ્ટ અને મધુભાઈ જોષીની સલાહ સૂચનથી કારોબારી સભ્યશ્રી હેમંત પંડ્યા, વિજયભાઈ, જયેશભાઈ જોષી, પાર્થ જોષી, દિલિપ જોષી, મેહુલ જોષી, અટલ પંડ્યા, હિતેન્દ્રભાઈ કાન્તીભાઈ, સિધ્ધાર્થભાઈ, ભરતભાઈ, હિમાંશુભાઈ, અતુલભાઈ, મુકેશભાઈ, કૌશિકભાઈ, સનતભાઈ ભટ્ટ, હેમંતભાઈ દિક્ષિત, હર્ષદભાઈ પંડ્યા, નલીનભાઈ નિરંજનભાઈ, મયુરધ્વજ, વિગેરેએ ખૂબ જહેમત ઉઠાવી હતી તથા હિંમતનગરના નામાંકિત વકીલ અને પૂર્વ જજ શ્રી રોહિતભાઈ ભટ્ટે આભાર વિધિ કરી હતી, કાર્યક્રમનું સુંદર સંચાલન શ્રી નિતિન પંડ્યા તથા હરેશકુમાર ભટ્ટ દ્વારા કરેલ હતું તથા રાજસ્થાન, અમદાવાદ, નડીયાદ, હિંમતનગર, મોડાસા, ગાંધીનગર અને સમગ્ર જગ્યાએથી મોટી સંખ્યામાં જ્ઞાતિજનો હાજર રહી કાર્યક્રમ સફળ બનાવેલ છે. આગામી સને ૨૦૧૮ની સાલ માટે દાતા અત્યારથી જ તેમનું યોગદાન આપેલ છે જે નીચે પ્રમાણે છે.

(૧) મહાપ્રસાદ - ગં.સ્વ. કૈલાસબેન એ. જોષી, હસ્તે : હસમુખભાઈ જોષી, (ઓસ્ટ્રેલીયા)

(૨) મંડપ સાઉન્ડ - વસંતભાઈ ગણપતરામ જોષી,

(૩) શાલ-પ્રમાણપત્ર - અરવિંદભાઈ એલ. ભટ્ટ (પૂર્વ પ્રા.શી.અ.)

(૪) શ્રીયંત્ર - સ્વ. યશવંતકુમાર ડી. જોષી

(૫) ફુલહાર પત્રિકા - નીતીનભાઈ એ. પંડ્યા

Owner : Shree Bhatt Mewada Brahma Samaj, Printer, Publisher, Editor : Vikram Krishnalal Joshi, Printed : Dharti Offset Printers, Plot No. 405, G.I.D.C., Sector-28, Gandhinagar-382028. Published : 1316/A-2, Sector-7/D, Gandhiangar. (GUJARAT)-382007



જાતને સાફ કરો જગતને માફ કરો...